For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સણિયા કણદેના નવનિર્મિત સ્વામીનારાયણ મંદિરના બાથરૂમમાંથી લાશ મળી

# ડિંડોલીની બે સહેલીનો મંદિરમાં આપઘાત

**સ્યુસાઇડ** નોટ મળી નથી મોબાઇલમાંથી કેમિકલના ફોટા મળ્યા

**એક** વિદ્યાર્થિની ઉધના સિટીઝન અને બીજી વાડિયા વિમેન્સમાં અભ્યાસ કરતી હતી





સુરતઃ ડિંડોલીમાં રહેતી બે વિદ્યાર્થિનીના મૃતદેહ સણિયા કણદે ખાતે નવનિર્મિત આત્મીય સંસ્કારધામ સ્વામીનારાયણ મંદિરના બાથરૂમમાંથી મળતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં બંને વિદ્યાર્થિનીએ એનેસ્થેસિયાના ઓવરડોઝ ઈન્જેક્શન લઈને આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

મળતી માહિતી અનુસાર મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલીના રામી પાર્કમાં રહેતી ૧૮ વર્ષીય રોશની શરદ શિરશાઠ ઉધનાની સિટીઝન કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. તેની બહેનપણી ૨૦ વર્ષીય જ્યોત્સના અતુલ ચૌધરી, જે શિવ વાટિકા વિસ્તારમાં રહેતી હતી, તે અઠવાગેટ સ્થિત વાડિયા વિમેન્સ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. બંને બાળપણથી જ ખૂબ નજીકની મિત્ર હતી અને ઘણીવાર સાથે જ આવજાવ કરતી હતી. ઘટનાના દિવસે સવારે બંને કોલેજ જવાના બહાને મોપેડ પર ઘરેથી નીકળી હતી. જો કે દિવસ દરમિયાન તેઓ કોલેજ પણ ગઈ ન હતી. બપોર સુધી ઘરે પરત ન ફરતા પરિવારમાં ચિંતા ફેલાઈ હતી. પરિવારે ફોન કરતા વિદ્યાર્થિનીઓએ "રસ્તામાં છીએ, આવીએ છીએ" એવો જવાબ આપ્યો હતો, પરંતુ ત્યારબાદ તેમનો સંપર્ક તૂટી ગયો હતો.

અનેકવાર ફોન કરવા છતાં જવાબ નહીં મળતા પરિવારજનોએ ઉધના પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં બંનેના મૃતદેહ સ્વામીનારાયણ

...અનુસંધાન પાના ૭ પર

### મોબાઈલ લોકેશનના આધારે પોલીસ મંદિર અને સ્કૂટી સુધી પહોંચી

પરિવારની ફરિયાદ બાદ પોલીસે મોબાઇલ લોકેશનના આધારે બંનેની શોધખોળ શરુ કરી હતી. જેમાં બંનેનું છેલ્લું લોકેશન સણિયા-કણદેરોડ પર નવનિર્મિત આત્મીય સંસ્કારધામ સ્વામીનારાયણ મંદિરની નજીકનું મળ્યું હતું. પોલીસે તેના પટાંગણમાં તપાસ કરતાં ત્યાંથી મોપેડ મળી આવ્યું હતું. ત્યારબાદ સીસીટીવીની તપાસ શરુ કરતાં બંને બાથરુમ તરફ જતી જોવા મળી હતી અને ત્યાં તપાસ કરતાં બંને મળી આવી હતી.





### એનેસ્થેસિયાની એક ખાલી, 3 સીલપેક બોટલ મળી

બાથરૂમનો દરવાજો અંદરથી બંધ હોવાથી પોલીસે દરવાજો તોડતા બંને વિદ્યાર્થિની બેશુદ્ધ હાલતમાં જમીન પર પડી હોવાનું જોવા મળ્યું હતું. તેમની પાસે એનેસ્થિસિયાની એક ખાલી બોટલ મળી હતી અને 3 બોટલ સીલપેક મળી છે. આ સિવાય 3 સિરીન્જ પણ મળી આવી છે. એક વિદ્યાર્થિનીના હાથમાં ઇન્જેક્શનના નિશાન છે.

### બાળપણથી અતૂટ મિત્રતા, સાથે જ અંતિમ પગલું ભર્યું

રોશની અને જ્યોત્સના બાળપણથી જ ખાસ મિત્ર હતા. બંનેએ ધોરણ 1થી 12 સુધી એક જ શાળામાં અભ્યાસ કર્યો હતો. પરિવારજનો પણ બંનેની આ મિત્રતાથી પરિચિત હતા. પરંતુ બંનેએ એક સાથે જીવન સમાપ્ત કરવાનો નિર્ણય કેમ લીધો તે પ્રશ્ન હજુ સુધી રહસ્ય છે.

### તબીબી ઉપયોગ માટેનું એનેસ્થેશિયા કેવી રીતે મેળવ્યું

બાથરૂમમાંથી મળેલી એનેસ્થેસિયાની બોટલ અને ઈન્જેક્શનને લઈને પણ પોલીસ ગંભીરતાથી તપાસ કરી રહી છે. સામાન્ય રીતે આ પ્રકારની દવાઓ તબીબી ઉપયોગ માટે જ ઉપલબ્ધ હોય છે. વિદ્યાર્થિનીઓએ આ દવાઓ ક્યાંથી અને કેવી રીતે મેળવી તે મુદ્દો તપાસમાં મહત્વનો બન્યો છે.

### ચેટ જીપીટી પર આપઘાતની રીત સર્ચ કરી હતી, એનેસ્થેસિયા, કેમિકલના ફોટા મોબાઈલમાંથી મળ્યા

વિદ્યાર્થિનીએ આપઘાત કર્યાના આગલા દિવસે એટલે કે 5મી તારીખે તેના મોબાઈલમાં ચેટ જીપીટી ઉપર આપઘાત કરવાની રીત સર્ચ કરી હતી. તેના મોબાઈલમાં આપઘાત માટે કયા પ્રકારનું એનેસ્થેસિયા કે કેમિકલ શું વાપરવું તેના ફોટો પણ મળી આવ્યા હોવાની વાત છે. પોલીસે આ અંગે વધારે જાણકારી મેળવવા મોબાઈલ ફોરેન્સિક માટે મોકલી આપ્યો છે.

### પોસ્ટમોર્ટમમાં એનેસ્થેસિયાના ઓવરડોઝને કારણે મોત થયું હોવાનું સામે આવ્યું

બાથરૂમમાંથી પોલીસને ઈન્જેક્શન તેમજ એનેસ્થેસિયાની દવાની ત્રણ બોટલ મળી આવી હતી. પોસ્ટમોર્ટમ દરમિયાન બંનેએ એનેસ્થેસિયાના ઓવરડોઝ ઈન્જેક્શન લીધા હોવાની માહિતી સામે આવી હોવાનું જાણવા મળ્યું છે.

### બંનેના મોબાઈલ ફોરેન્સિક તપાસ માટે મોકલ્યા

પોલીસે બંને વિદ્યાર્થિનીના મોબાઈલ ફોન કબજે કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. અત્યાર સુધી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી, જેના કારણે આ બનાવ પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ વધુ ગંભીર બની છે. વિદ્યાર્થિનીઓએ આ પ્રકારની દવા ક્યાંથી મેળવી અને તેને ઉપયોગ કરવાની માહિતી કેવી રીતે મેળવી તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

### પિતા અને શિક્ષક બંનેની ભૂમિકા એક સાથે




પરિવારનું ગુજરાન ચલાવવું જેટલું મહત્વનું છે તેટલું જ મહત્વ બાળકને શિક્ષિત બનાવવાનું પણ છે. આ પરિસ્થિતિમાંથી શહેરનો દરેક પરિવાર પસાર થાય છે. ત્યારે ભટારરોડ પર દરજીકામની સાથે પિતા બાળકને ભણાવતા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. **(તસવીર : હેમંત ડેરે)**

## ન્યૂઝીલેન્ડ સામે ભારત સિક્સ-ફોર મારશે તો ડીજેની ધૂન પર ડાન્સ

# આજે T20 ફાઇનલ માટે ઠેર ઠેર મોટા સ્ક્રીન મુકાશે

**હોટેલો,** રેસ્ટોરન્ટ, નજીકની રિસોર્ટ, સુરતની સોસાયટીઓ, શેરી મહોલ્લાઓમાં મેચની સાથે સમૂહ ભોજનનું આયોજન

સુરતઃ આજે થનારી ન્યૂઝીલેન્ડ અને ભારત વચ્ચેની ટી-ટ્વેન્ટી ફાઇનલ નીહાળવા માટે સુરતમાં ઠેર ઠેર મોટા આયોજન કરવામાં આવ્યા છે.

આ ફાઈનલ મેચના મુકાબલાને લઈ સુરતમાં ક્રિકેટ ચાહકોએ મેચ નિહાળવા અને એની સાથે મનોરંજન અને ભોજનનો આનંદ માણવા આગોતરી તૈયારીઓ કરી છે.સુરતની હોટેલો,રેસ્ટોરન્ટ,નજીકની રિસોર્ટ,સુરતની સોસાયટીઓ,શેરી મહોલ્લાઓમાં બિગ સ્ક્રીન મુકવાનું આયોજન છે.એટલુંજ નહીં ઘણી સોસાયટીઓએ રાત્રિ સમૂહ ભોજનની તૈયારીઓ પણ કરી રાખી છે.

સુરતની તમામ સ્પોર્ટ્સ એન્ડ એન્ટરટેઇનમેન્ટ કલબોમાં આ મેચનું બિગ સ્ક્રીન પર પ્રસારણ થશે. ક્યાંક ડીજેની વ્યવસ્થા છે તો ક્યાંક મ્યુઝિકલ સિસ્ટમની, કેટલીક કલબોએ મેચ વિથ ડિનરનું આયોજન કર્યું છે.

જે પરિવારોના બાળકો બોર્ડની પરીક્ષા આપી રહ્યા નથી તેઓ શનિવારથી જ સુરત અને દક્ષિણ ગુજરાતના ફાર્મ હાઉસો, વિલામાં પહોંચી ગયા છે.ઘણા સુરતીઓ દમણ અને સેલવાસની રિસોર્ટમાં મેચ સાથે મનોરંજન મેળવવા પહોંચી ગયા છે.

ધી સુરત ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનના ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેશ દેસાઈ એ જણાવ્યું હતું કે, SDCA દ્વારા સભ્યો માટે વિશાળ LED સ્ક્રીન મૂકવામાં આવશે. ભારતની ટીમનું પરફોર્મન્સ માણવા મ્યુઝિક સિસ્ટમ ઉપરાંત રિક્રીએશન માટે ફૂડ સ્ટોલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ધી સુરત ટેનિસ કલબના સેક્રેટરી સીએ.મયંક દેસાઈ એ જણાવ્યું હતુંકે,ટેનિસ કલબના સભ્યો માટે 20 બાય 40 ની સાઇઝ વાળી બિગ સ્ક્રીન મૂકવામાં આવી છે.સાથે સાથે આધુનિક મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા છે.સવારથી મેચની સમાપ્તિ સુધી કેન્ટિનમાં ચાહ નાસ્તા,ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ

...અનુસંધાન પાના ૭ પર

### વેસુની કેપિટલ ગ્રીન સોસાયટીમાં 100 બાય 30ની બિગ સ્ક્રીન

મેચ નિહાળવા વેસુની કેપિટલ ગ્રીન સોસાયટીમાં 100 બાય 30 ની સાઇઝની બિગ સ્ક્રીન આકર્ષણનું કેન્દ્ર બની છે.ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચ નિહાળવા અહીં સોફાઓ સાથે 400 થી 500 લોકો માટે સિટિંગ એરેન્જમેન્ટ કરવામાં આવ્યું છે.મ્યુઝિક સિસ્ટમ,ડેકોરેશન સાથે રાતે 800 થી 900 માણસો માટે ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે. મેચ શરૂ થાય અને પૂર્ણ થાય ત્યાં સુધીના 5 કલાક દરમિયાન ચાહ,નાસ્તો,કોફીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.સોસાયટીના અગ્રણી રાકેશભાઈ જૈને જણાવ્યું હતું કે, જે લોકો અમદાવાદ જઈ ભારતની આ ઐતિહાસિક મેચ નિહાળી શકતા નથી. તેઓને સ્ટેડિયમ જેવો જ આનંદ આપવાનો અમારો હેતુ છે.ફાઈનલમાં ભારત મેચ જીતશે પછી તિરંગા યાત્રા પણ કાઢવામાં આવશે.

# કાર ધીમી ચલાવવાનું કીધું તો ગાડીની નીચે કચડી મારી નાંખ્યો

**આધેડ** પર રિવર્સ લઈને પણ કાર ચડાવી દીધી, અન્યોને પણ ઈજા

**ગણદેવીના** ખાપરવાડાની ઘટનામાં ગોયંદીના કૃપલ પટેલની ધરપકડ



આરોપી કૃપલ મગનભાઈ પટેલ



મૃતક હસમુખભાઈ આહીર

બીલીમોરાઃ ગણદેવી તાલુકાના ખાપરવાડા ગામે રાવણ ફળિયા વિસ્તારમાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે શુક્રવારે રાત્રે એક કારચાલકે કાર લોકો ઉપર ચઢાવી દેતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે અન્યને પણ કચડી નાંખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ખાપરવાડા ગામ આહીરવાસ ફળિયાના રહેવાસી યોગેશભાઈ ઠાકોરભાઈ આહીર (૪૦) એ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદમાં જણાવ્યું છે કે શુક્રવારે સાંજે ૮:૩૦ કલાકે તેઓ કાકા હસમુખભાઈ આહીર, તેમજ નીલ પટેલ, હિરેન પટેલ, ક્રિશ પટેલ અને મન પટેલ સાથે ખાપરવાડા ગામના રાવણ ફળિયામાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે ઉભા હતા. તે દરમ્યાન કાળા રંગની હ્યુન્ડાઇ વર્ના કારનો ચાલક કૃપલભાઈ મગનભાઈ પટેલ (રહે. ગોયંદી, ભાઠલા ખાડી ફળિયા, તા. ગણદેવી) નંબર વગરની વર્ના કાર પુરઝડપે હંકારી ત્યાં આવી પહોંચ્યો હતો. કારના બંને બાજુના કાચ ખુલ્લા રાખી તે ગાળો બોલતા "આજે તો બધાને મારી જ નાંખવાના છે" કહી કાર દોડાવી દીધી હતી. જેમાં ફરીયાદી અને અન્ય લોકો રસ્તામાંથી દૂર ખસી જતા બચી ગયા હતા, પરંતુ હસમુખભાઈ આહીરને કારની જોરદાર ટક્કર લાગતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારબાદ આરોપીએ જાણબૂઝીને કાર તેમની ઉપર ચઢાવી દીધી હતી. એટલું જ નહીં, આગળ જઈ ફરી કાર રીવર્સમાં લાવી, ફરી એકવાર હસમુખભાઈ ઉપરથી કાર ચઢાવી દેતા તેમના હાથ, પગ અને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયેલા હસમુખભાઈ આહિરને મૃત જાહેર કરાયા હતાં. જો કે પોલીસે આરોપી કૃપલ પટેલની ધરપકડ કરી હતી. આરોપી કૃપલ પટેલે ખાપરવાડા ગામે સિકોતર માતા મંદિર અને આંગણવાડી સામે કાર ધૂમ સ્ટાઈલમાં હંકારતા લોકોમાં ભય વ્યાપી ગયો હતો. આંગણવાડીનાં

...અનુસંધાન પાના ૭ પર

## શ્રમિકોના મોત પછી હવે તપાસના નામે ખેલ શરૂ થઈ ગયો

# પારસમિલની ઘટનામાં કોન્ટ્રાક્ટર સામે ગુનો પણ માલિકને કશું નહીં

**ચાર** ચારના મોતની ઘટના છતાં પણ સંચાલકોની કોઈ જ જવાબદારી નહીં?

**ઉદ્યોગોની** માર્ગદર્શિકા મુજબ સફાઈ મશીનથી કરવાનું ફરજિયાત છતાં બેદરકારી

સુરતઃ પાંડેસરા જીઆઈડીસીમાં પારસ ડાઈંગ મિલમાં કેમિકલવાળી ભૂગર્ભ ટાંકી સાફ કરાવતી વેળા ત્રણ શ્રમિકનાં મોત અને એકની હાલત ગંભીર બન્યા બાદ મિલ સંચાલકોની જવાબદારીને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. માર્ગદર્શિકા મુજબ ભૂગર્ભ ગટર કે ટાંકી સાફ કરવા માટે માણસોને ઉતારવાની મનાઈ હોવા છતાં મશીનોની જગ્યાએ શ્રમિકોને ઉતારવામાં આવ્યા હોવાના આક્ષેપો ઉઠતા હવે સંચાલકો સામે કાર્યવાહી કેમ નહિ થાય તે મુદ્દે ચર્ચા તેજ બની છે.

પાંડેસરાની પારસ ડાઈંગ મિલમાં કેમિકલનો કચરો એકત્ર કરતી ભૂગર્ભ ટાંકી સાફ કરવા માટે ચાર શ્રમિકને ઉતારવામાં આવ્યા હતા. ટાંકીમાં ગેસ ભરાઈ જતા ચારેયને ગૂંગળામણ થવા લાગી હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં સારવાર દરમિયાન ત્રણ યુવકનાં મોત નીપજ્યા હતા, જ્યારે એક શ્રમિક હાલ વેન્ટિલેટર પર સારવાર હેઠળ છે. દુર્ઘટના બાદ પાંડેસરા પોલીસે કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ કર્યો છે. જો કે આ સમગ્ર કામગીરી મિલ સંચાલનના નિયંત્રણ હેઠળ થતી હોવા છતાં સંચાલકો સામે હજુ સુધી સીધી કાર્યવાહી ન થતાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. શહેરમાં ચાલતી ડાઈંગ મિલોમાં કેમિકલવાળા ગટર અને ટાંકીની સફાઈ માટે આધુનિક મશીનોનો ઉપયોગ કરવાની ગાઈડલાઈન હોવા છતાં કેટલાક સંચાલકો પૈસા બચાવવા માટે જોખમી રીતે

...અનુસંધાન પાના ૭ પર

### સંચાલકો સામે કાર્યવાહી થશે? પોલીસ તપાસ તરફ નજર

ઉદ્યોગમાં સુરક્ષા વ્યવસ્થા જાળવવાની જવાબદારી સંચાલકોની હોવા છતાં સીધી કાર્યવાહી કેમ નથી થઈ તે મુદ્દે ચર્ચા ચાલી રહી છે. મિલના સંચાલકો તરીકે પારસ જૈન અને અભિષેક જૈનના નામો સામે આવી રહ્યા છે. ઉદ્યોગ વર્તુળોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે જો માર્ગદર્શિકા વિરુદ્ધ શ્રમિકોને ભૂગર્ભ ટાંકીમાં ઉતારવામાં આવ્યા હોય તો જવાબદારી માત્ર કોન્ટ્રાક્ટર પર જ કેમ મૂકાઈ રહી છે. આ અંગે પાંડેસરા પોલીસ સ્ટેશનના પીઆઈ જીતુ ચૌધરીએ જણાવ્યું હતું કે તપાસના આધારે જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### ઝેરી કેમિકલના કચરાને સાફ કરવા મશીનની જગ્યાએ શ્રમિકોને ઉતારાયા

ડાઈંગ અને પ્રોસેસ હાઉસ ઉદ્યોગોમાં કેમિકલવાળી ભૂગર્ભ ગટર અથવા ટાંકીની સફાઈ માટે સુરક્ષા માર્ગદર્શિકામાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે આવા જોખમી સ્થળે માણસોને ઉતારવા નહીં અને મશીનરી

...અનુસંધાન પાના ૭ પર

### મિલ સંચાલકોની પૂછપરછ કરવાની બાકી છે : પીઆઇ

પાંડેસરાના પીઆઇ જીતુ ચૌધરીએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલમાં પ્રથમ દ્રષ્ટિએ કાર્યવાહી કરવામાં આવી છે, તેમાં કોન્ટ્રાક્ટર વિનોદ ગુપ્તા તથા અન્ય જવાબદાર વ્યક્તિઓ વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધવામાં આવ્યો છે. મિલ સંચાલકોની પૂછપરછ કરવાની બાકી છે. જો કે આ

...અનુસંધાન પાના ૭ પર

### આડાસંબંધનાં વહેમમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

સુરતઃ આડાસંબંધનો વહેમ રાખી પત્ની સાથે ઝઘડો કરી ગળે ટૂંપો દઈ હત્યા કરનારા ઉમરપાડાનાં પતિને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા કરી છે.

કેસની હકીકત મુજબ ઉમરપાડાનાં પીનપુર ગામ આમલી ફળીયામાં રહેતાં મહેશભાઈ વાડીલાલભાઈ વસાવાએ ૧૩/૦૨/૨૦૨૩નાં રોજ પત્ની મનિષાબેન સાથે જમવાનું બનાવવા બાબતે તેમજ આડા સંબંધનો વહેમ રાખી ઝગડો કરી ઉશ્કેરાઈ પત્ની મનીષાબેનને ગળે ટૂંપો આપી હત્યા કરી હતી. બનાવ અંગે ઉમરપાડા પોલીસ સ્ટેશને ગુનો નોંધાયો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે એ.પી.પી. જે. એન. પારડીવાળાએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ એડી. સેશન્સ જજ દેવેન્દ્ર સુરેશભાઈ જોષીએ ફરિયાદ પક્ષની દલીલો અને પુરાવાને ગ્રાહ્ય રાખી આરોપી મહેશભાઈ વાડીલાલભાઈ વસાવાને આજીવન કેદની સજા

...અનુસંધાન પાના ૭ પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



૧૭મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



દ્રષ્ટિમાં હજીએ રમે છે હસતો ચહેરો તમારો,
અંતરમાં હજીએ પડઘાય છે સ્મૃતિના ધબકારા,
તમને ગુમાવ્યાના દુઃખને આજે પણ
અમો સૌએ હૃદય સરસુ રાખ્યું છે.
અસ્તિત્વના રોમ રોમ હજીએ અનુભવે છે
તમારી હયાતીનો હુંફાળો સ્પર્શ.
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

લિ.
પ્રદિપભાઈ કાંતિભાઈ પટેલ | મનીષાબેન પ્રદિપભાઈ પટેલ
અશ્વિન કાંતિભાઈ પટેલ | જ્યોત્સનાબેન અશ્વિનભાઈ પટેલ
સ્વ.કાંતિભાઈ વલ્લભભાઈ પટેલ | સુશીલાબેન ઈશ્વરભાઈ પટેલ
સ્મીત, પાર્થ, મીર, એન્જના, તથા સમસ્ત પરિવારજનો

સ્વ.કીકીબેન ઉર્ફે જશુબેન કાંતિભાઈ પટેલ
સ્વ. તા. ૮/૩/૨૦૦૯

નિવાસસ્થાન : ગરાસ ફળિયું, ગામ : આભવા



25મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પરભુભાઈ લાલભાઈ પટેલ, ભાદોલ
જ. તા.-૦૨/૦૭/૧૯૨૯
સ્વ. તા.-૦૮/૦૩/૨૦૦૧

હે પૂણ્યાત્મા શ્રધ્ધા સ્નેહ સહ હૃદય પુષ્પથી આપના ચરણ કમલમાં અમારા કોટી કોટી નમન, તમારુ જીવન અમારી પ્રેરણા છે, તમારા આદર્શ અમારા માર્ગદર્શક છે, મૃત્યુ પછી મનુષ્યના હૃદયમાં જીવંત કેવી રીતે રહેવુ એ સીખવી ગયા. આપના દિવ્ય અમર આત્માને પ્રભુ પરમ શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ



સ્વ. ડાહીબેન પરભુભાઈ પટેલ, ભાદોલ
જ. તા.-૨૨/૦૨/૧૯૩૭
સ્વ. તા.-૧૭/૧૨/૨૦૨૧

શોકાતુર
બિપીનચંદ્ર પરભુભાઈ પટેલ (પુત્ર) | વાસંતીબેન ઠાકોરભાઈ પટેલ (પુત્રી)
નિતિનભાઈ પરભુભાઈ પટેલ (પુત્ર) | પ્રવિણાબેન અમૃતભાઈ પટેલ (પુત્રી)
નલિનભાઈ પરભુભાઈ પટેલ (પુત્ર) | રેખાબેન જયંતભાઈ પટેલ (પુત્રી)
પુત્રવધુ-પાર્વતીબેન, ભાનુબેન, ઊષાબેન, પૌત્ર-યશ, વિશ્વ, વેદ, ધવલ, વનિતા, ધારા, ધર્મેશ, પપૌત્રી- ફલક, પપૌત્ર- જીયાંશ



ખંભાતી ક્ષત્રિય દુઃખદ અવસાન/બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂ. પિતાશ્રી મનહરલાલ સાકરલાલ જરીવાલા (ધારીવાલા)નું તા. ૦૭-૦૩-૨૦૨૬નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૮-૦૩-૨૦૨૬ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે શ્રી ખંભાતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ ટ્રસ્ટ, મહાત્મા વાડી, રૂસ્તમપુરા, સુરત ખાતે રાખેલ છે.

લિ.
સ્વ. નંદગૌરીબેન મનહરલાલ જરીવાલા
રાજેન્દ્ર મનહરલાલ જરીવાલા (પુત્ર) | મંજુલા રાજેન્દ્ર જરીવાલા (પુત્રવધુ)
કિશોર મનહરલાલ જરીવાલા (પુત્ર) | નીતા કિશોર જરીવાલા (પુત્રવધુ)
અશ્વિન મનહરલાલ જરીવાલા (પુત્ર) | ઝંખના અશ્વિન જરીવાલા (પુત્રવધુ)
હેમલતા ભુપેન્દ્ર જરીવાલા (પુત્રી) | ભુપેન્દ્ર અમૃતલાલ જરીવાલા (જમાઈ)

સ્વ. મનહરલાલ સાકરલાલ જરીવાલા (ધારીવાલા)
સ્વ. તા. ૦૭-૦૩-૨૦૨૬

નિવાસ સ્થાન: ઘર નં. ૨/૭૮૦, મેઈન રોડ, સગરામપુરા, સુરત



પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. વસંતલાલ ચુનીલાલ પોપટીયા
સ્વ. તા. ૦૨-૦૪-૨૦૨૧
તિથિ. ફાગણ વદ પાંચમ

મનુષ્ય નું જીવન મળવુ એ ભાગ્યની વાત છે. પરતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવતા રહેવુ એ જીવનમાં કરેલા કર્મની વાત છે. ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. "વ્હાલા પપ્પા" તમારી ખોટ પરિવારને જીંદગીભર યાદ રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના..

લિ.
ગં.સ્વ. જયાબેન વસંતલાલ પોપટીયા
પ્રકાશચંદ્ર વસંતલાલ પોપટીયા
બિપીનકુમાર વસંતલાલ પોપટીયા
વિજયકુમાર વસંતલાલ પોપટીયા
તથા સમસ્ત પોપટીયા પરિવાર



બીજી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



સ્વ. પ્રવિણભાઈ ભીખાભાઈ પટેલ
સ્વ. તા. ૦૮-૦૩-૨૦૨૪ (શિવરાત્રી)

કદી વિચારી ન શકાય તેવી એવી અણધારી વિદાય સૌના હૃદયને કંપાવી ગઇ, હજુ ઘણાં અરમાનો હતાં દિલમાં, પણ આંસુ બનીને વહી ગયા. હજુ મન માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી. રડી પડે છે આંખો અમારી જોઇને તસવીર તમારી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના...

લિ.
ગં. સ્વ. શીતલબેન પ્રવિણભાઈ પટેલ
વિશાલકુમાર (પુત્ર) | સંજયકુમાર (બનેવી)
હર્ષિલકુમાર (પુત્ર) | રાધીકાબેન (પુત્રવધુ)
રીયાન્સકુમાર (પૌત્ર) | ઉન્નતીબેન (પુત્રવધુ)
કુમારી શીવ્યાની (પૌત્રી) | હીરકુમારી (પૌત્રી)
કુમારી નીર (પૌત્રી) | સુમનબેન (માતા)
ભીખાભાઈ (પિતા) | હંસાબેન (બહેન)
રમેશભાઇ (બનેવી) | જાગૃતિબેન (બહેન)
જયેશકુમાર (બનેવી) | ઉર્વશીબેન (બહેન)

ખરીવાડ, ફુલપાડા, સુરત. મો.૯૮૨૭૯૯૭૨૭૦